# ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો ચલાવતી સરકારી, અનુદાનિત સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકો પરના રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ (Off Line Admission) માં પ્રવેશ બાબતે જરૂરી સૂચના (પ્રવેશ વર્ષ-૨૦૧૬)

- ❖ આ પ્રવેશ કાર્યક્રમની નવી મેરીટયાદી www.jacpcldce.ac.in ની વેબસાઈટ ઉપર તા. ૧૭-૧૦-૨૦૧૬ ના રોજ જાહેર કરવામાં આવશે.
- ❖ નવી મેરીટયાદીમાં સમાવિષ્ટ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો રૂબરૂ પ્રવેશના કાર્યક્રમ પ્રમાણે જે તે દિવસે (તા. ૧૮, અને ૧૯-ઓક્ટોબર-૨૦૧૬) જે તે સમયના ૩૦ મીનીટ પહેલા પ્રવેશ સમિતિ એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે રૂબરૂ હાજર રહેવાનું રહેશે. ઉમેદવારે સાથે ફક્ત એકજ વાલી હાજર રહી શકશે.
- ❖ ઉમેદવારે રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ સમયે સંમતિ પત્રક (Consent Letter) સાથે લાવવાનો ફરજીયાત રહેશે તેમજ www.jacpcldce.ac.in ની વેબસાઈટ ઉપર રાખેલ OPTION FORM ભરીને લાવવાનું રહેશે.
- ❖ રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ વખતે હાજર ઉમેદવારને પ્રવેશ મળશે જ એવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.
- ❖ જો કોઈ ઉમેદવારને સદર પ્રવેશ પ્રક્રિયામાં પ્રવેશ મળશે તો સ્વનિર્ભર સંસ્થામાં ઉમેદવારને અગાઉ મળેલ પ્રવેશ રદ કરાવવા ઉમેદવારે જે તે સંસ્થા ખાતે પ્રવેશ રદ કરાવવાની અરજી આપવાની રહેશે. આવા કિસ્સામાં ફી રીફંડની કાર્યવાહી, સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે થશે.
- ❖ જો કોઈ ઉમેદવારને સદર પ્રવેશ પ્રક્રિયામાં પ્રવેશ મળશે તો ઉમેદવારે પ્રવેશ મળેલ સંસ્થામાં વહેલી તકે પરંતુ મોડામાં મોડા તા. ૨૧-૧૦-૨૦૧૬ પહેલા ફરજીયાત હાજર થવાનું રહેશે.
- ❖ જે ઉમેદવારો સદર પ્રવેશ પ્રક્રિયા માટે સંમતિ આપેલ છે, પરંતુ સદર પ્રવેશ કાર્યક્રમ વખતે જેઓ હાજર રહેવા માંગતા નથી / હાજર રહેશે નહી તેવા ઉમેદવારનો અગાઉનો પ્રવેશ, જો કોઈ હોય તો, ચાલુ રહેશે.
- ❖ જેમ જેમ પ્રવેશ કાર્યક્રમ આગળ ચાલશે તેમ તેમ જે તે દિવસની કાઉન્સેલીંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલી બેઠકોની તાજેતરની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in પર અપડેટ કરવામાં આવશે. આથી ઉમેદવારોને તાજેતરની માહિતીનો અભ્યાસ કરી અને આ પ્રવેશ કાર્યક્રમમાં ખાલી રહેલ બેઠકો માટે ભાગ લેવાની ભાર પૂર્વક સલાહ આપવામાં આવે છે.
- ❖ ઉમેદવારે જો અગાઉ કોઈપણ ટોકન ટ્યૂશન ફી ભરેલ ન હોય તો તેવા ઉમેદવારોએ પ્રવેશ મળે સંસ્થા ખાતે ટ્યૂશન ફી ભરવાની રહેશે.

**તા. ૧૩-૧૦-૨૦૧૬**

**— મેમ્બર સેક્રેટરી**